# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/038 Dt. 22/07/2024

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બરના ત્રિદિવસીય 'સીટેક્ષ'એકઝીબીશનમાં એકઝીબીટર્સને જબરદસ્ત પ્રતિસાદ, કરોડોની મશીનરીઓના ઓર્ડર્સ આગામી દિવસોમાં મળશે

## ત્રણ દિવસમાં કુલ ૨૦,૦૦૦ થી વધુ બાયર્સે સીટેક્ષની મુલાકાત લીધી, જેન્યુન બાયર્સો સાથે વન ટુ વન મિટીંગમાં એકઝીબીટર્સને ટેક્ષ્ટાઇલ મશીનરીઓની ઢગલાબંધ ઇન્કવાયરી જનરેટ થઇ: ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે દ્વારા તા. ૨૦, ૨૧ અને ૨૨ જુલાઈ ૨૦૨૪ દરમ્યાન સવારે ૧૦:૦૦ થી સાંજે ૦૭:૦૦ કલાક દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ – સુરત

ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઇલ એક્ષ્પો– ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું આજરોજ સફળતાપૂર્વક સમાપન થયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, સીટેક્ષ એકઝીબીશનમાં ભારતમાં બનેલી અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓની સાથે સાથે યુરોપિયન મશીનરીઓ તેમજ જર્મની વિગેરે દેશોમાં બનેલી અદ્યતન ટેક્ષ્ટાઇલ મશીનરીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્રણ દિવસમાં કુલ ૨૦,૦૦૦ થી વધુ બાયર્સ એકઝીબીશનમાં ટેક્ષ્ટાઇલની વિવિધ મશીનરીઓ જોવા માટે આવ્યા હતા.

સીટેક્ષ એક્ષ્પો સુપર હીટ રહયો હોવાના ફીડબેક એકઝીબીટર્સ તરફથી મળ્યાં હતાં. એકઝીબીટર્સ ખૂબ જ સારી રીતે અત્યાધુનિક મશીનરીઓ બાયર્સ સમક્ષ પ્રેઝન્ટ કરી શકયા હતા. આ એકઝીબીશનમાં પાર્ટીસિપેટ કરનારા એકઝીબીટર્સને નવા બાયર્સ પણ મળ્યા હતા.

દેશના વિવિધ ખૂણેથી આવેલા જેન્યુન બાયર્સો સાથે એકઝીબીટર્સોએ વન ટુ વન મિટીંગો કરી હતી. સીટેક્ષની મુલાકાતે આવેલા બાયર્સને કારણે એકઝીબીટર્સને ખૂબ જ સારી ઇન્કવાયરી જનરેટ થઈ હતી.

ત્રણ દિવસમાં દેશના વિવિધ રાજ્યો અને શહેરો જેવા કે ઇચ્છલકરંજી, ચેન્નાઇ, તિરૂપુર, બાલોતરા, ઝાલોર, સેલમ, પૂણે, કોલ્હાપુર, સોલાપુર, નાસિક, દાદરાનગર હવેલી, મથુરા, ખાંડવા, ઇરોડ, લુધિયાના, પાલી, જામનગર, આણંદ, પોરબંદર, કોટા, અંબરનાથ, મોરબી, ઔરંગાબાદ, અંકલેશ્વર, માલેગાંવ, કોડા કંડલા, ઉદયપુર, ગોંડલ, કલોલ, ધુળે, મેરઠ, ઠાણે, ભીવંડી, ગુડગાંવ, બોઇસર, આગ્રા, કોટા, અજમેર, ગાંધીધામ, સાંગલી, વારાણસી, કલકતા, મુંબઇ, હૈદરાબાદ, પાણીપત, બેંગ્લોર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, જેતપુર, બેલગામ, બેલાગાવી, દિલ્હી અને જોધપુરથી જેન્યુન બાયર્સે સીટેક્ષ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

અત્રે નોંધનીય છે કે, સીટેક્ષ એકઝીબીશનમાં ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીને આવરી લગતી દરેક સેગમેન્ટની ટેક્ષ્ટાઇલ મશીનરી, એસેસરીઝ, વિશ્વની સૌથી અદ્યતન ટેકનોલોજી ધરાવતી એરજેટ લુમ્સ, વોટર જેટ લમ્સ, રેપીયર લમ્સ, ઈલેકટ્રોનિક જેકાર્ડ, ડોબી મશીન, વેલવેટ વિવિંગ મશીન, સરકયુલર નીટિંગ, યાર્ન ડાઇંગ, વોર્પિંગ મશીન, ડિજીટલ પ્રિન્ટીંગ મશીનરી, પોઝીશન પ્રિન્ટીંગ મશીન, વિવિધ પ્રિન્ટીંગ ઈન્ક તેમજ ખૂબ મોટી સંખ્યામાં મશીનરી તથા એસેસરીઝનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.